# अभ्यास 5 : समास-परिचयः

## તત્પુરુષ અને દ્વન્દ્વ સમાસ

સંસ્કૃતમાં સમાસના મુખ્યત્વે ચાર પ્રકાર છે : (1) અવ્યયીભાવ (2) તત્પુરુષ (3) બહુવ્રીહિ અને (4) દ્વન્દ્વ. આમાંથી તમારે તત્પુરુષ (કર્મધારય સિવાય) અને દ્વન્દ્વ એ બે સમાસોનો અહીં અભ્યાસ કરવાનો છે.

સમાસનો અભ્યાસ પ્રારંભ કરતા પહેલાં સમાસ એટલે શું એ જાણી લેવું જરૂરી છે. આ માટે આ વાક્ય યાદ રાખો : समसनं समासः । અર્થાત્ સમસન એટલે કે સંક્ષેપ (બે પદ મળીને એક પદ થવું) એ સમાસ છે. જેમકે, मेघस्य जलम् એમ બે જુદાં-જુદાં નામપદ હતાં. એ પછી તેમનો સમાસ થતાં मेघजलम् એવું એક નામપદ બની જાય છે. એવી જ રીતે ब्रह्मा च वरुणः च इन्द्रः च रुद्रः च मरुत् च એમ અનેક નામપદો હતાં, તેમનો સમાસ થતાં ब्रह्मा-वरुणेन्द्र-रुद्र-मरुतः એવું એક જ નામપદ બની જાય છે. આમ બે કે તેથી વધારે નામપદોનું એક થઈ જવું તે સમાસ છે.

ઉપરનાં ઉદાહરણો જોતાં જણાય છે કે :

(1) સમાસ હંમેશાં નામપદનો નામપદની સાથે થાય છે.

(2) જુદાં-જુદાં બે કે બેથી વધારે પદોનો પણ સમાસ થઈ શકે છે.

(3) જે નામપદોનો સમાસ થઈ જાય છે, તે નામપદોની સાથે જોડાયેલા વિભક્તિ પ્રત્યયોનો લોપ થાય છે, અને તેને બદલે એકલા અંતિમ નામપદને જ વિભક્તિ પ્રત્યય લાગે છે.

(4) જુદાં-જુદાં વપરાતાં નામપદો અને સમાસ થઈને વપરાતાં નામપદનો અર્થ સરખો જ હોય છે.

(5) સમાસ (જેમકે - मेघजलम्)ને છૂટો પાડવામાં આવે છે, ત્યારે જે પદાવલિ (જેમકે मेघस्य जलम्) હોય છે, તેને વિગ્રહવાક્ય કહે છે.

આટલી પ્રાથમિક સમજણ મેળવીને હવે ક્રમશઃ તત્પુરુષ અને દ્વન્દ્વ સમાસનો અભ્યાસ કરીશું.

### (1) તત્પુરુષ સમાસ

નીચેનાં વાક્યો વાંચો :

(1) सः <u>दशरथस्य</u> <u>पुत्रः</u> रामः गच्छति ।

(1) सः <u>दशरथपुत्रः</u> रामः गच्छति

અહીં પ્રથમ વાક્યમાં જે બે રેખાંકિત નામપદો વપરાયાં છે, તે જ બે નામપદો બીજા વાક્યમાં સમાસ થઈને (એટલે કે એક થઈને, સંક્ષિપ્ત થઈને) વપરાયાં છે. તમે જોઈ શકો છો કે પહેલા વાક્યમાં दशरथस्य અને पुत्रः એવાં જે બે નામપદ છે, તેમની સાથે જુદોજુદો વિભક્તિ પ્રત્યય જોડાયેલો છે. એ પછી બીજા વાક્યમાં આ બંને નામપદોનો સમાસ થઈને (दशरथपुत्रः એવો) જે પ્રયોગ થયો છે, તેમાં બંને નામોને અંતે એક જ વિભક્તિ પ્રત્યય જોડાયેલો છે. આમ થવાનું કારણ સમાસ છે. ઉપર જણાવેલા ચાર પ્રકારના સમાસ પૈકી આ તત્પુરુષ સમાસ છે. આ તત્પુરુષ સમાસના પાંચ પેટા પ્રકારો છે. જેમ કે, (1) વિભક્તિ તત્પુરુષ (2) કર્મધારય તત્પુરુષ (3) દ્વિગુ તત્પુરુષ (આ કર્મધારયનો જ પ્રકાર છે.) (4) ઉપપદ તત્પુરુષ અને (5) નઞ્ તત્પુરુષ. આ બધા જ તત્પુરુષ સમાસમાં ઉત્તર પદ એટલે કે પાછળ રહેલા પદના અર્થની પ્રધાનતા હોય છે.

**(I) વિભક્તિ તત્પુરુષ :** હવે નીચેનાં બીજાં કેટલાંક વાક્યો વાંચો :

(1) कृषकः <u>मरणासन्नः</u> अस्ति ।

(2) <u>मेघजलं</u> वर्षति ।

(3) <u>गर्वपूर्णा</u> वाणी वर्तते ।

(4) <u>कुलोचितं</u> कर्म अस्ति ।

(5) <u>दशरथपुत्रः</u> गच्छति ।

આ બધાં વાક્યોમાં રેખાંકિત પદો સમાસપદો છે. આ સમાસપદોને છૂટાં પાડતાં એટલે કે તેમનો વિગ્રહ કરતાં (मरणासन्नः) मरणम् आसन्नः, (मेघजलम्) मेघस्य जलम्, (गर्वपूर्णाम्) गर्वेण पूर्णा, ताम्, (कुलोचितम्) कुलाय उचितम्, (दशरथपुत्रः) दशरथस्य पुत्रः એવાં બે બે પદો પ્રાપ્ત થાય છે. છૂટાં પાડવામાં આવેલાં આ બધાં પદોને તમે ધ્યાનથી જુઓ. તમને જણાશે કે,

(1) છૂટાં પડેલાં બે પદોમાં જે પહેલું પદ (પૂર્વપદ) છે, તેમાં જુદી જુદી વિભક્તિઓ વપરાયેલી છે.

(2) જ્યારે જે બીજું પદ (ઉત્તરપદ) છે, તેમાં એક સરખી રીતે પ્રથમા વિભક્તિ વપરાયેલી છે.

આ રીતે એટલે કે પૂર્વપદમાં દ્વિતીયા વગેરે વિભક્તિ અને ઉત્તરપદમાં પ્રથમા વિભક્તિ ધરાવતાં જે પદોનો સમાસ થાય છે, તેને **'વિભક્તિ તત્પુરુષ'** સમાસ કહે છે. ઉપરના બધા પ્રયોગો વિભક્તિ તત્પુરુષ સમાસના છે.

આ વિભક્તિ તત્પુરુષ સમાસના વિગ્રહ વાક્યમાં પહેલું પદ (પૂર્વપદ) જે વિભક્તિનું હોય છે, તે વિભક્તિના આધારે જે તે સમાસની ઓળખ કરવામાં આવે છે. જેમકે, मरणम् आसन्नः = मरणासन्नः । અહીં मरणम् એવું પહેલું પદ દ્વિતીયા વિભક્તિમાં છે, તેથી આ તત્પુરુષ સમાસને द्वितीया तत्पुरुष તરીકે ઓળખવામાં આવે છે. આવી જ રીતે પૂર્વપદમાં તૃતીયા વિભક્તિ હોય (જેમકે, गर्वेण पूर्णा = गर्वपूर्णा), તો તેનો तृतीया तत्पुरुष, ચતુર્થી વિભક્તિ હોય (જેમ કે, कुलाय उचितम् = कुलोचितम्) તો चतुर्थी तत्पुरुष, પંચમી વિભક્તિ હોય, (જેમકે, चोरात् भयम् = चोरभयम्) તો पञ्चमी तत्पुरुष, ષષ્ઠી વિભક્તિ હોય, (જેમકે, दशरथस्य पुत्रः = दशरथपुत्रः) તો षष्ठी तत्पुरुष અને સપ્તમી વિભક્તિ હોય (જેમકે, वचने कुशलः = वचनकुशलः) તો सप्तमी तत्पुरुष તરીકે ઓળખવામાં આવે છે.

આ રીતે વિભક્તિ તત્પુરુષ સમાસ द्वितीया तत्पुरुष, तृतीया तत्पुरुष, चतुर्थी तत्पुरुष, पञ्चमी तत्पुरुष, षष्ठी तत्पुरुष અને सप्तमी तत्पुरुष એમ છ પ્રકારનો હોય છે.

**(II) ઉપપદ તત્પુરુષ સમાસ :** આ પછી હવે નીચેનાં વાક્યોને વાંચો :

(1) रोगः दोषात् जायते ।

(2) रोगः दोषजः (भवति) ।

અહીં પ્રથમ વાક્યમાં दोषात् जायते એવાં બે પદો વપરાયાં છે. આમાંનું પ્રથમ પદ નામપદ છે, જ્યારે બીજું પદ ક્રિયાપદ છે. આ બે પદો બીજા વાક્યમાં સમાસ પામીને दोषजः એ રૂપમાં વપરાયાં છે. તમે જોઈ શકો છો કે મૂળમાં રહેલું जायते એવું ક્રિયાપદ સમાસમાં जः થઈને વપરાયું છે. આ પ્રકારના સમાસને ઉપપદ તત્પુરુષ સમાસ કહે છે.

**(III) નઞ્ તત્પુરુષ સમાસ :** નીચેના પ્રયોગોને ધ્યાનથી વાંચો :

(1) अधर्मः ।　　　　(2) असत्यम् ।

આ પ્રયોગો પણ તત્પુરુષ સમાસના છે. अधर्म એ સમાસપદનો વિગ્રહ न धर्मः = अधर्मः એમ અને असत्यम् પદનો વિગ્રહ न सत्यम् = असत्यम् એમ થાય છે. અહીં સમાસ થયા પછી પૂર્વપદ તરીકે વપરાયેલા न પદમાંથી न्નો લોપ થતાં अ બાકી રહે છે. પરંતુ જો ઉત્તરપદ કોઈ સ્વરથી શરૂ થતું હોય, તો ત્યાં न પદમાંથી न्નો લોપ થતાં જે अ બાકી રહે છે, તેની પાછળ न् ઉમેરાય છે. અનુકૂળતા ખાતર એમ પણ કહી શકાય કે સ્વરથી શરૂ થતા પદની પૂર્વે अन् ઉમેરાય છે. આથી न उचितम् = अनुचितम् તથા न आगतम् = अनागतम् એવો સમાસ થાય છે. આવા સમાસને નઞ્ તત્પુરુષ સમાસ કહે છે.

## (2) દ્વન્દ્વ સમાસ

નીચેનાં વાક્યો વાંચો :

(1) वरुणेन्द्र-रुद्र-मरुतः स्तुन्वन्ति ।

(2) रामलक्ष्मणौ वनं गच्छतः ।

ઉપરનાં વાક્યોમાં વપરાયેલાં वरुणेन्द्र-रुद्र-मरुतः અને रामलक्ष्मणौ એ બંને પદોમાં પણ સમાસ છે. આ બંને પદોનું વિગ્રહવાક્ય ક્રમશઃ वरुणः च इन्द्रः च रुद्रः च मरुतः च (= वरुणेन्द्र-रुद्र-मरुतः) અને रामः च लक्ष्मणः च (= रामलक्ष्मणौ) । એમ થાય છે. આ રીતે જે સમાસના વિગ્રહવાક્યમાં બે પદોની વચ્ચે च એવું પદ વપરાયેલું હોય છે, તે સમાસ દ્વન્દ્વ સમાસ હોય છે.

આવી જ રીતે નીચેનાં વાક્યો વાંચો :

(1) विवेकः पाणिपादम् प्रक्षालयति ।

(2) समीरः वीणामृदङ्गम् वादयति ।

આ વાક્યોમાં વપરાયેલાં पाणिपादम् અને वीणामृदङ्गम् એ બે પ્રયોગો પણ દ્વન્દ્વ સમાસના છે. તેમનો વિગ્રહ ક્રમશઃ આ પ્રમાણે છે. पाणि च पादौ च (= पाणिपादम्) । वीणा च मृदङ्गः च (= वीणामृदङ्गम्) । તમે જોઈ શકો છો કે અહીં પણ સમાસનો વિગ્રહ તો ઉપર પ્રમાણે જ છે. પરંતુ સમાસ થયા પછી બંને પ્રયોગોમાં એકવચન વાપરવામાં આવ્યું છે. (જ્યારે ઉપરનાં વાક્યોમાં ક્રમશઃ દ્વિવચન અને બહુવચન વપરાયાં છે.)

સમાસ થયા પછીની વચનની આ ભિન્નતાને કારણે દ્વન્દ્વ સમાસ બે પ્રકારનો છે. (1) इतरेतर द्वन्द्व । અને (2) समाहार द्वन्द्व । જે પ્રયોગોમાં દ્વિવચન કે બહુવચન વપરાયું હોય છે, તે પ્રયોગોમાં ઇતરેતર દ્વન્દ્વ સમાસ હોય છે, જ્યારે જે પ્રયોગમાં એકવચન વપરાયું હોય છે, તે પ્રયોગોમાં સમાહાર દ્વન્દ્વ સમાસ હોય છે.

ઉપરના वरुणेन्द्र-रुद्र-मरुतः । અને रामलक्षमणौ । એ બે પ્રયોગોમાં ક્રમશઃ બહુવચન અને દ્વિવચન વપરાયેલું છે. તેથી આ બન્ને પ્રયોગો ઇતરેતર દ્વન્દ્વના છે, જ્યારે पाणिपादम् અને वीणामृदङ्गम् એ બે પ્રયોગોમાં એકવચન વપરાયેલું છે, તેથી આ પ્રયોગો સમાહાર દ્વન્દ્વના છે. (વળી, સમાહાર દ્વન્દ્વ સમાસ હમેશાં નપુંસકલિંગમાં હોય છે, તે પણ ધ્યાનમાં રાખવું.)

### સ્વાધ્યાય

**1. अधोलिखितानां पदानां समासनाम लिखत ।**

(1) कुलाचारः (2) तातपुत्रौ (3) मरणासन्नः (4) भोजयुवकौ

(5) धाराधिपतिः (6) शाल्मलीतरुः (7) विपत्कालः (8) वापीजलानि

**2. निम्नलिखितानि पदानि संयोज्य योग्यं समासं विरचयत ।**

(1) सूर्य + अस्तकालम् (2) सर्व + अङ्गः (3) पृष्ठ + भागः (4) कार्य + साधिका

(5) विचार + मुद्रा (6) जन + समूहः (7) दुर्ग + अध्यक्षः

**3. क-विभागं ख-विभागेन सह संयोजयत ।**

| क | ख |
|---|---|
| (1) विचारमुद्रा | (1) इतरेतरद्वन्द्वसमासः |
| (2) वरुणेन्द्र-रुद्र-मरुतः | (2) समाहारद्वन्द्वः |
| (3) चलाचलम् | (3) षष्ठीतत्पुरुषः |
| (4) आपद्गतः | (4) द्वितीयातत्पुरुषः |
| | (5) तृतीयातत्पुरुषः |

●